કોઈ અંતરાયની પરવા વિના સંબંધમાં જળની જેમ વહેવું-રહેવું

૧૮મી સદીમાં થઈ ગયેલી મહાન અંગ્રેજી લેખિકા અને ચિંતક મેરી વૂલસ્ટોનક્રાફ્ટ (૧૭૫૯-૧૭૯૭)એ લખ્યું છે કે "પ્રેમ તમારી ભીતરથી જ પ્રગટવો જોઈએ. તમારી ભીતરથી પ્રગટેલા પ્રેમથી જ તમે અન્યના ભીતરને પ્રેમથી અજવાળી શકો. તમારું અજવાળું અને તમે જેને પ્રેમનો પ્રકાશ આપો છો, તેનું અજવાળું ભેગું થવાથી પૂર્ણ પ્રેમનો પ્રકાશ રેલાશે, જે તમને આનંદની પરાકાષ્ઠાએ લઈ જાય છે."

મેરી કહે છે એમ અન્ય પાસેથી ઉછીનું તેજ લઈ શકાય નહીં, અન્ય વ્યક્તિના પ્રેમસ્વરુપ તેજ સાથે પોતાનું તેજ અવશ્ય મેળવી શકાય. પ્રેમનું પણ એવું જ છે. પ્રેમ પોતાની ભીતર જો ન પ્રગટ્યો હોય તો અન્ય પાસેથી મળનારા પ્રેમની પણ અનુભૂતિ થઈ શકતી નથી. પ્રેમસંબંધ યા લગ્નસંબંધમાં નદીની માફક નિરંતર વહેતા રહેવાનું હોય છે. રાહમાં નદીના પ્રવાહને ખડક, કાંકરા, ઝાડી-ઝાંખરાં વગેરે કંઈ કેટલાય અવરોધ આવતા જ રહે છે. આમ છતા નદીનો જળપ્રવાહ પોતાનો માર્ગ ખુદ કરી જ લે છે. નદી કોઈ ફરિયાદ કરતી નથી. નદી કોઈ અવિશ્વાસ, શંકા, આક્ષેપ, તિરસ્કાર, રુસણાં, દગો, છળ-કપટ કે એવું કશું જ નકારાત્મક કાર્ય કરતી નથી. નદીનું એક જ લક્ષ્ય હોય છે કે દરિયા સાથે મિલન. રાહમાં અનેક અવરોધ આવતા રહેવાના છે, એ વાતની નદીને ખબર છે.

સંબંધ પ્રેમનો હોય કે લગ્નસંબંધ, બેઉ પક્ષે વફાદારીની અપેક્ષા રહે એ સ્વાભાવિક છે. સંબંધનો સેતુ એટલે પરસ્પર સમજણ. સમજણ અને વફાદારી સાથે વિશ્વાસ અને સમર્પણ જોડાયેલાં છે.

આ સવાલો અથવા આવા પ્રકારના સવાલો તમારે તમારા પાર્ટનરને પુછવા પડે છે? (૧) "આજે તું ક્યાં હતો/હતી?", (૨) "આજે બપોરે તારો ફોન કેમ એન્ગેજ આવતો હતો?", (૩) "તારે આટલા સરસ રીતે તૈયાર જઈને ઓફિસ જવાની શું જરુર છે?", (૪) "તારી ફોનબૂકમાં સમીર/શાઈના કોણ છે, એના વિશે તો તેં મને ક્યારેય વાત જ કરી નથી?", (૫) "કોનો કોલ હતો? કોની સાથે આટલી મસ્તીથી વાત કરે છે?", (૬) "તારા એફ.બી.માં આ મિતેશ/મિતાલી કોણ છે?, તારી તો બધી જ પોસ્ટમાં ઢગલાબંધ લાઈક્સ ને કોમેન્ટ્સ આપે છે, શું ચક્કર છે?", (૭) "તારી વોટ્સએપ/ફેસબૂક ચેટ હિસ્ટ્રી મને બતાવ.", (૮) "કોની સાથે તું આટલી લાંબી લાંબી ચેટ કરે છે?", (૯) "ઓફિસમાં તારે કલીગ સાથે લંચ કરવાની શી જરુર?", (૧૦) "ઓફિસથી નીકળીને તારે તારા કલીગ સાથે કોફી પીવા જવાની શી જરુર હતી?", (૧૧) "તારા કલીગ તને ભલે લિફ્ટ આપે પણ તારે એની સાથે આટલા ક્લોઝ થવાની શી જરુર છે?" જ્યારે તમારે તમારા લાઈફ પાર્ટનરને આવી રીતે રોજેરોજ જો સવાલો પુછવા પડતા હોય તો એ સંબંધને "રિપોર્ટિંગ લવ" અથવા "રિપોર્ટિંગ રિલેશનશીપ" જ કહી શકાય.

જો તમને તમારા સંબંધમાં વિશ્વાસ જ ન હોય તો એવા સંબંધને નિભાવવાની કોઈ જ જરુર નથી, અને જો તમારો સાથી વિશ્વાસ તોડે છે, એવું તમને લાગે છે તો તમારું એકવીસમી સદીમાં કોઈ કામ નથી. આજે વિશ્વાસની વ્યાખ્યા તમારે નવેસરથી સમજવી પડે. તમે જેને વિશ્વાસભંગ સમજો છો, પરંતુ તમારો કે તમારી સાથી એ બાબતને "પર્સનલ સ્પેસ" ગણે છે. દરેક વ્યક્તિને થોડીક સ્પેસ આપવી જોઈએ.

આજના સમયમાં "રિપોર્ટિંગ લવ" અથવા "રિપોર્ટિંગ રિલેશનશીપ" રાખવાના બદલે જો તમે તમારા સાથી પ્રત્યે વિશ્વાસ રાખશો તો એ સાથી ક્યાંય જશે નહીં, એ તમારી પાસે જ રહે છે. સવાલ માત્ર "પર્સનલ સ્પેસ" આપવાનો છે. જેને આપણે "લેટ-ગો" કહીએ છીએ. વીસમી સદી સુધી આપણે "જતું કરવાની ભાવના" કહેતા એ બાબતને આજે એકવીસમી સદીમાં "પર્સનલ સ્પેસ આપવી" કહેવાય છે.

પ્રેમ હોય કે લગ્ન હોય, સંબંધમાં વફાદારીની અપેક્ષા રહે છે. પરંતુ આજે નવા જમાનામાં અન્ય ફેરફારો સાથે સમાજમાં પણ ભારે પરિવર્તન આવ્યું છે. લગ્નબાહ્ય સંબંધ "લેટ ગો" નહીં કરવાના કારણે એટલે કે "પર્સનલ સ્પેસ" નહીં આપવાના કારણે પણ બંધાતા રહે છે. સંબંધમાં માલિકીપણાંની ભાવના એટલે કે "પઝેસિવનેસ"ના કારણે પણ તમારી પ્રિય વ્યક્તિ તમારાથી દૂર થતી જાય એવું બનતું હોય છે.

તમારા સવાલો તમારા સાથીને જેલની સજા જેવા લાગે, એવું પણ બને. અવિશ્વાસથી છલકાતા સવાલો સાંભળવા કોઈને ગમતા હોતા નથી. દરેકની ધીરજ કે સહનશક્તિની હદ આવી જતી હોય છે. તમારો આગ્રહ જો દરેક સવાલનો જવાબ મેળવવા માટે હોય ત્યારે તમારા સાથી ખોટું બોલવા પ્રેરાય છે, ખોટા જવાબો આપ્યા કરવાના બદલે થાકીને તમારા સાથી એક દિવસ સંબંધ તોડી નાખવા સુધી પણ નિર્ણય કરી બેસે છે. આમ ન બને તેનો એક જ ઉપાય કે વિશ્વાસ અને સમર્પણ સાથે સતત વહ્યા કરવું.

સ્ટોપર :

"પ્રેમમાં કોઈ અંતરાય ન હોય,
અંતરાય હોય એમાં પ્રેમ ન હોય." - ખલિલ જિબ્રાન

સાંપ્રદાયિક અસહિષ્ણુતાને નાથ કોણ ઘાલશે?

તંત્રીસ્થાનેથી....

દેશમાં જે પ્રકારે ધાર્મિક અસહિષ્ણુતા અને કહેવાતા રાષ્ટ્રવાદે ઉપાડો લીધો છે એથી કોઈ પણ પ્રબુદ્ધ જનને ચિંતા થાય તે સ્વાભાવિક છે. આઝાદી પૂર્વે ધર્મ પણ હતો અને રાષ્ટ્રભક્તિ તો બેશુમાર હતી. દેશ માટે લોકો માથે કફન બાંધીને નીકળી પડતા હતા. તે વખતે કોઈ ચૂંટાયેલી સરકાર નહોતી કે એની પાસે વિવેકપૂર્ણ વર્તનની અપેક્ષા રાખી શકાય. દેશની આઝાદીની વાત કરવી તે રાષ્ટ્રદ્રોહનો ગુનો બની જતો હતો. અસંખ્ય દેશભક્તોએ તોપના મોઢે બાંધીને કે ઝાડની ડાળીએ લટકાવી દઈને ખતમ કરી દેવાયા હતા. ઘણા બધાને મરણતોલ માર પડ્યો હતો, કાળાં પાણીની સજા ફરમાવાઈ હતી અને વર્ષો સુધી જેલની અંધાર કોટડીમાં પૂરી રાખવામાં આવ્યા હતા. એમ છતાં તે વખતે તમામ હિંદુવાસીઓનું એક જ લક્ષ્ય હતું : આઝાદી. એ સાચો રાષ્ટ્રવાદ હતો. એમાં કોઈ ધાર્મિક વાંધાવચકા પણ નહોતા. એવું પણ નહોતું કે એકલા હિંદુઓ જ આઝાદી માગતા હતા. આઝાદીની લડતમાં સવિશેષ ફાળો અલબત્ત, ભણેલાગણેલા સવર્ણ હિંદુઓનો રહ્યો છે, પરંતુ મુસલમાનો અને દલિતો પણ મહાત્મા ગાંધીની ચળવળમાં ખભે ખભા મિલાવીને સામેલ થયા હતા. આજે પરિસ્થિતિ જુદી છે. આઝાદીનાં અડસઠ વર્ષ પછી પ્રજામાં રાષ્ટ્રીયતાને બદલે સાંપ્રદાયિક સંકુચિતતાની અને પ્રાદેશિકતાની નકારાત્મકતા દૃષ્ટિગોચર થઈ રહી છે. વિચારભેદ સહન કરવાની ક્ષમતા ઘટી છે. એટલે ભિન્ન વિચાર ધરાવતા કુલબર્ગી જેવા લેખકો ગોળીએ દેવાય છે, 'બીફ' ના નામે ભયંકર રાજકારણ ખેલાય છે. અખલાકે વાછરડું માર્યું હોવાની અફવાથી હિંદુ યુવાનો ખુન્નસ અનુભવે છે અને ટોળું એના ઘરમાં ઘૂસી જઈ એમની હત્યા કરી નાખે છે. સામે પક્ષે 'હું બીફ ખાઉં છું' કહેવામાં સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ અને પ્રેસ કાઉન્સિલના ચેરમેન જસ્ટિસ કાત્જુ ગૌરવ અનુભવતા હોય એવી મૂર્ખામીભરી પબ્લિસિટી કરે છે. કાશ્મીરના અપક્ષ ધારાસભ્ય બીફ પાર્ટી યોજી એમના ગૌહત્યાના અધિકારને વાજબી ઠેરવવાની મૂર્ખતાપૂર્ણ ચેષ્ટા કરે છે. શિવસેના કે હિંદુસેના માટે આવી બાબતો ઉશ્કેરણીજનક સાબિત થાય તે સ્વાભાવિક છે. આથી ઉશ્કેરાઈ જઈને કોઈનું મોઢું કાળું કરવાની ગૌહત્યા અટકી જવાની નથી. પરંતુ એવો ઘૃણાસ્પદ વિરોધ નોંધાવી વર્ષોથી સાથે રહેતી બે કોમો વચ્ચે જે તિરાડ સરજાઈ છે, તે જરુર વધારે પહોળી થશે, એમાં બે મત નથી. પાકિસ્તાનના ક્રિકેટ ખેલાડીઓને અપમાનિત કરવાથી, એમના ગાયક કલાકારને કાર્યક્રમ અટકાવી દેવાથી ભારતના પ્રશ્નો હલ થઈ જવાના નથી. વિરોધ કરવાની પણ ગરિમાપૂર્ણ પદ્ધતિ હોઈ શકે, તે આવા ઉશ્કેરણી કરનારા લોકોનાં સડેલાં ભેજાનામાં ઉતારવાનું કામ અઘરું છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને નાછૂટકે આવા ધાર્મિક કે કહેવાતા રાષ્ટ્રવાદી ઉન્માદ સામે લાલબત્તી ધરવી પડી છે. સુધીન્દ્ર કુલકર્ણીના મોઢા પર મેંશ ચોપડવાથી કે બીફ ખાનારા કાશ્મીરી ધારાસભ્યનું મોઢું કાળું કરવાથી આપણી જ ઈજ્જત ઓછી થવાની છે. વડાપ્રધાનને પણ કહેવું પડે છે કે મારી વાત ભલે ન માનો, પણ રાષ્ટ્રપતિની તો માનો! બીજી તરફ સાક્ષી મહારાજ જેવા સંતો કે સાંસદો અને શિવસેના જે કંઈ કરે છે તે હિંદુત્વ અને રાષ્ટ્રવાદમાં ખપી જતું હોઈ ભાજપ એની વિરુદ્ધ ખુલ્લો વિરોધ કરતાં ડરે છે. એથી વડાપ્રધાન આવા મુદ્દાઓ પરત્વે મહદંશે મૌન રહેવાનું પસંદ કરે છે અને પાર્ટીના પ્રવક્તાઓ પાસે નિવેદન કરાવી ઈતિશ્રી માની લે છે. આવી પરિસ્થિતિ કોઈ પણ દેશ માટે ચિંતાજનક જ ગણાવી જોઈએ.

સરેરાશ બાળક, અસામાન્ય જાહેરાતો અને સામાન્ય ભવિષ્ય

અનેક જાહેરાતો
બધી જગ્યાએ જાહેરાતો !
બાળકના ભવિષ્યની જાહેરાતો !
બાળકના વિકાસની જાહેરાતો !
બાળકના શરીરના સૌષ્ઠવની જાહેરાતો !
બાળકના શોષણ, પોષણ અને જોખમની...
જાહેરાતો ક્યારે ?

આપણું ભવિષ્ય જાહેરાતોમાં એવું કહીને 'સુંદર' દેખાડવામાં આવે છે કે 'આ વસ્તુને વાપરો અને લાંબા થાઓ, આ વસ્તુને ખાઓ અને શક્તિશાળી બની જાઓ અને આ ટૉનિક પીવો અને મેધાવી બની જાઓ' વગેરે... હવે , આ જાહેરાતોને એવા લોકો જુએ જે અનેક ઉપાયો કરી ચુકેલા હોય , કંટાળેલા લોકો હોય અને ઉપયોગમાં લે તો સમજીએ કે તેમાં કંઇ દમ છે કે નહિ તે ખબર પડે. પણ જેને હજી આ બધી બાબતોની જરૂર નથી અને તેનાં સાણસામાં આવી જાય તો શું .. ? બાળકો તેના ભોગ બને તો શું બાળકના કુમળા માનસને માતા-પિતાના સંપર્ક , સહવાસ ને સાહચર્યની જરૂર છે. તે માતા-પિતાની દ્રષ્ટિથી જાહેરાતોને જોશે તો એમાં બધુ વ્યવસ્થિત ગોઠવાયેલું હશે. પણ પોતાની નજરથી જાણવાનો પ્રયત્ન જોખમ નિર્માણ કરશે. જાહેરાતો પાછળની વાસ્તવિકતાઓ વિશે ઘરના સભ્યોએ બાળકોને જાણ કરવી જોઈએ.

જગત ઈશ્વરની જાહેરાત છે પણ જ્યારથી તેમાં મનુષ્યનો પ્રવેશ થયો ત્યારથી તેના પર મનુષ્યએ માથું મારવાનું શરૂ કર્યું છે.

પંચમહાભૂતોથી શરૂ કરી હમણાં કોઈ ગ્રહ પર પણ ભગવાન બુદ્ધની પ્રતિમા દેખાઈ તેમાં પણ આપણે પ્રવેશ કર્યો છે તેવું કહી શકાય.

પાણીની સીમાઓ પરંતુ, પર્વની ઉંચાઈ પર અને આકાશની હવામાં જાહેરાતો લહેરાય છે.આપણા બાળકો આપણા સંતાન નહિ પણ જાહેરાતના સંતાન બની જાય તેવી દુનિયામાં આપણે મને-કમને વસી રહ્યા છીએ. જેની સારી અને ખરાબ અસરો નવી પેઢી પર પડવાની શરૂઆત ક્યારનીય થઇ ગઈ છે. એક શહેરી બાળક સરેરાશ બેથી ત્રણ કલાક મોબાઈલની આસપાસ હોય છે, તેમ માનીએ તો એ ઘટના નથી પણ દુર્ઘટના કહેવાય.

સંતા- મારી આવકનો મોટો ભાગ તો જાહેરતો પાછળ જ વપરાય જાય છે.
બંતા - પણ મેં કદી તમારી કોઈ વસ્તુની જાહેરાત નથી જોઈ.
સંતા - એ તો ઠીક છે, પણ મારી પત્ની જાહેરાત વાંચે છે.

જાહેરખબરોને જરૂરી ગણી શકાય, પરંતુ તેના માટે સામાજિક કિંમત ચૂકવવી પડે છે.બિન ઇચ્છીત વ્યાપારિક ઈમૈલ અને સ્પામનાં સ્વરૂપે સક્રીય છે. સેવાઓ લેતા લોકો માતે તે માથાનો દુખાવો બની ગયા છે.

આ સાથે જ ઈન્ટરનેટ સેવા આપનારા માટે આર્થિક બોજો લાવે છે. જાહેર સ્થળો પર જાહેરખબરોનું અતિક્રમણ વધતુ જાય છે, જેમ કે સ્કૂલો, કેટલાક ટિકાકારોની દલીલ છે કે આ બાળ શોષણનો એક પ્રકાર છે. આ ઉપરાંત ઈચ્છિત ગ્રાહકો પર જાહેરાત વારંવાર માનસિક દબાણ ઉભું કરે છે.

ડૉ. નલીન ગણાત્રા કહે છે 'પરિણીત પુરુષ ખાનગીમાં પ્રેમ કરે, પરિણીત પત્ની ખાનગીમાં પૈસા ભેગા કરે, શિક્ષકો ખાનગીમાં ટ્યૂશન કરે, સરકારી નોકરી ન મળે તો કેટલાક લોકો ખાનગી (પ્રાઈવેટ) નોકરી કરે, અરે, મૂળચંદ ન ખાવા-પીવા જેવું ખાનગીમાં ખાય-પીવે એવુંય બને, પણપ. જાહેરાત કદી ખાનગી ન હોય!

ડેવિડ ઓગિલિવ એડવર્ટાઈઝિંગની દુનિયાના પિતામહ કહેવાય છે. તેમણે જાહેરખબર ક્ષેત્રે કેટલાક નિયમો જણાવ્યા છે. જેમ કે, તમારી જાહેરાત જમાનાને અનુલક્ષીને, સમયની તાસીર જોઈ બનાવો. તમારે સારું વર્તન બતાવવું જોઈએ. જાહેરાતમાં નકલ ક્યારેય ન કરો, લોકો એટલા બુદ્ધુ નથીહોતા કે સમજી ન શકે! લોકો આકર્ષાય, જોવી ગમે, સાંભળવી ગમે તેવી જાહેરાતો બનાવવી જોઈએ. જાહેરાતના માધ્યમથી ગ્રાહકને માહિતી આપો, સાચી

અનુસંધાન પાના નં. ૭ પર

ચંદુલાલે નજર ઊંચે કરી જોયું તો આંખો ખુલીને ખુલી જ રહી ગઈ...

રાતના અગિયાર વાગ્યા હતા. ચંદુલાલ થાકીને લોથપોથ થઈ ગયા હતા. ઓફીસમાં કોમ્પ્યુટર પર શહેરમાં થનારાં રાવણ દહન કાર્યક્રમની તૈયારીઓ અંગે લેખ તૈયાર કરવામાં વ્યસ્ત હતા. ત્યાં ઓફીસનો દરવાજો ખુલ્યો અને એક ગંભીર અવાજ સંભળાયો. 'પત્રકાર ભાઈ, હું અંદર આવી શકું કે...?'

ચંદુલાલે નજર ઊંચે કરી જોયું તો આંખો ખુલીને ખુલી જ રહી ગઈ. સામે એક વૃદ્ધ પણ મજબૂત કદ કાઠીનો લાંબો ભરાવદાર શરીર શૌષ્ઠવ ધરાવતો વ્યક્તિ ઊભો હતો. તેનો પહેરવેશ પૌરાણિત ફિલ્મો કે ધારાવાહિકોના રાજઓ જેવો હતો. તેના તેજથી પ્રભાવિત થઈ ચંદુલાલ ઉભા થઈ ગયા. અને તેને સન્માન આપતાં પ્રણામ કરી ખુરશી તરફ સંકેલ કર્યો. 'આવો મહાશય... આસન ગ્રહણ કરો... બિરાજો.'

આગન્તુક ખુરશી પર બેસી ગયા અને મોટી આંખોથી ચંદુલાલ તરફ જોતાં પોતાનો પરિચય આપ્યો. 'ભાઈ, પત્રકાર મારું નામ દશકંધર છે.મારા પિતા વિશ્રવા અને માતા કૈંકસી છે. મને ઓળખો છો ને!'

ચંદુલાલે નકારમાં માથું હલાવ્યું અને કંઈક અણસમજના ભાવ સાથે તે વ્યક્તિને જોતા રહ્યા. આગન્તુકે રોષ ભર્યા સ્વરે કર્યું. 'તમે કળયુગના લોકો કેટલા મુર્ખ છો. પુરી કોઈ વાત જાણ્યા વગર, સદીયોથી કોણ જાણે શું નું શું કરતા અને કહેતા રહ્યા છો. રાવણનું નામ સાંભળ્યું છે?'

હાં... હાં... રાવણને કોણ ન ઓળખે' ચંદુલાલની રેકર્ડ વાગવા લાગી. રાવણ તો લંકાનો રાજા હતો. તેને આખી ધરતી પર આતંક મચાવી દીધેલો. સાધુવેશે તેણે છળકપટ કરી સીતાજીનું હરણ કરેલું. તેથી વાનરોની સેના લઈ રામચંદ્રજીએ લંકા પર ચડાઈ કરેલી અને રાવણને મારીને સીતાજીને તેની ચંગુલમાંથી મુક્ત કરાવેલ. તેની યાદમાં દર વર્ષે દશેરાને દિવસે 'રાવણ-દહન' થાય છે. અત્યારે હું 'ચકુમકુ ટાઈમ્સ' માટે એજ વિષયની વિગતો લેખ માટે ભેગી કરી રહ્યો છું.

'તો સાંભળો, હું જ રાવણ છું.' આગંતુકે કહ્યું.

ચંદુલાલ તો જાણે આકાશની નીચે પટકાયા. ભય અને ગભરાટને કારણે એ પીળા પડી ગયા. આંગતુકે તેમને પ્રેમથી બચકર્યા 'ડરો નહીં હું તમને કંઈ નહીં કરું, પરંતુ મારા જીવનના કેટલાંક અજ્ઞાત તથ્ય છે. મારી ઈચ્છા છે કે લોકો એ બાબતને જાણે. તેથી મને મારો ઈન્ટરવ્યુ લો અને દશેરાના વિશેષાંકમાં તમારા અખબારમાં છાપો.'

ચંદુલાલ તો ખુશ થઈ ગયા. ભય અને ગભરાટની સાથોસાથ તેમનો થાક પણ જતો રહ્યો. 'ચકુમકુ ટાઈમ્સ' માટે જે અનોખી સામગ્રી તે શોધતા હતા એ સામે ચાલીને મળી રહી હતી. તેમને ફ્રિજમાંથી પાણીની બોટલ કાઢી પાણી ગ્લાસમાં ભરીને આપતાં કહ્યું, 'શ્રીમાત, આપ પહેલા પાણી લો, પછી વિગતવાર વાત કરો.'

રાવણે જલપાન કર્યું. એ દરમિયાન ચંદુલાલે ટેપરેકોર્ડર સેટ કરી તેની સ્વીચ ઑફ કરી દીધી હતી. થોડીવાર પછી રાવણની સહમતી લઈ ઈન્ટરવ્યુનો પ્રારંભ કર્યો.

'મહાશય, પહેલાં તો તમે તમારી કૌટુંબિક પૃષ્ઠભૂમિ પર પ્રકાશ પાડો.'

'મારા માતાપિતાનું નામ તો મેં તમને કહ્યું. રાવણ નામ તો મારું પાછળથી આવેલું છે. પુલત્સ્ય મુનિ મારા દાદા હતા. મારા પિતાજીને એક અન્ય પત્ની હતી. જે ભારદ્વાજ મુનિની દીકરી હતી. તેમનાથી કુબેરનો જન્મ. તેથી એ મારા સાવકા ભાઈ થયા.' રાવણે કહ્યું.

'તમારું મોસાળ...'

મારી મા રાક્ષસકુળનું સંતાન હતી. મારી નાની રાક્ષસરાજ માલી લંકાના રાજા હતા. ઘણા સમય પહેલાં વિષ્ણુએ તેમનો વધ કરેલો. અને આખાય રાક્ષસવંશનો લંકામાંથી ભાગવા મજબૂર કરતા તેમને પાતાળ પુરીમાં શરણ લેવું પડેલું. મારી માતાનું પાલનપોષણ તેમના બે કાકાઓ સુમાલી અને માલ્યાવાને મળીને કરેલું. એ દરમિયાન લંકાના રાજા મારા મોટા ભાઈ કુબેર બની ગયેલા.

'તેમને આ રાજય કઈ રીતે મળ્યું?' ચંદુલાલે પુછ્યું.

કુબેરે બ્રહ્માની ખુબ તપસ્યા કરેલી. તેથી બ્રહ્માજીએ ખુશ થઈ કુબેરને દેવોના ધનપતિનું પદ અને પુષ્પક વિમાન તેમજ લંકાનું રાજય આપેલું. એ દિવસોમાં મારા વચેટ નાના સુમાલી પૃથ્વીલોકમાં આવ્યા અને પુષ્પક વિમાનમાં યાત્રા કરતા કુબેરને જોઈ ખુબ જ પ્રભાવિત થયા. તેમણે વિચાર્યું કે તેમના મોટા ભાઈ માલીની વિવાહ યોગ્ય પુત્રી કૈકસીને કુબેરના પિતા સાથે પરણાવી દઈએ તો સે એવા જ તેજસ્વી પુત્રની માતા બની શકે. એ વિચારથી તેમને મારી માતાના લગ્ન પિતાજી સાથે કરાવેલા.'

ચંદુલાલે આગળ પ્રશ્ન કર્યો. 'તમે શિક્ષણ અને દીક્ષા કયાં પ્રાપ્ત કરી? તમારા બાળપણના કોઈ સંસ્મરણો...?'

ભૈરુ પર્વત સ્થિર મારા પિતાનો આશ્રમ જાણીતું વિદ્યા કેન્દ્ર હતું. મારું શરુઆતનું શિક્ષણ ત્યાં જ થયું. કેમ કે મારી માતા રાક્ષસકુળની હોવાથી ઘણા સહાધ્યાયીઓ અને અમુક આચાર્યો મારી સાથે સારો વહેવાર કરતા નહીં એટલે સુધી કે ઘૃણા અને ઉપેક્ષા કરતા. તેની પ્રતિક્રિયા રુપે મારામાં ક્રોધ, વિદ્રોહ, દ્વેષ અને ઈર્ષાની ભાવના ઉછરવા લાગી...

ચંદુલાલે વચ્ચે હસ્તક્ષેપ કર્યો. પણ તમારી બાબતમાં તો એવું કહેવાય છે કે તમે જન્મજાત ક્રોધી, ઉદંડ અને ઘમંડી હતા.

(ક્રમશઃ)

- vanvihari@gmail.com

'માસિકની માનસિકતા'...!! પંછી બનું ઊડતી ફિરું મસ્ત ગગન મેં...!!

એનું આવવું એ એકદમ નૈસર્ગિક વાત હોય તો પણ આજેય એ ખાનગી રખાય છે... એને શરમની બાબત મનાય છે. એના વિશે આજેય ઘરમાં ખુલ્લી રીતે વાત થતી નથી. આજે પણ એને સંતાડાય છે... મમ્મી અને દાદીની તુલનામાં એને આજે ઘણીખરી ફ્રિડમ હોવા છતાંય એનું આજેય ભગવાન સાથે ક્રોસ કનેકશન છે. એ આવે એટલે અપવિત્ર, અમંગળ ઘરમાં આભડછેટ... કમાલ છે, આજનો આધુનિક વિચારસરણીની છોકરીઓ પણ એના ભ્રામક વળગણથી સો ટકા મુક્ત થઈ નથી!

નવરાત્રીની જોરદાર તૈયારી થઈ ગઈ. આજથી તો એ એની બહેનપણીઓ સાથે ગરબા રમવા જવાની હતી. અને આજે સવારે ઉઠતાં જ ખબર પડી કે 'એ' આવી છે.. ઘરમાં પૂજાની તૈયારી ચાલુ હતી. માતાજી પધાર્યા હતા. ગરબો આવ્યો હતો અને પ્રસાદ તૈયાર થતો હતો. અને સ્વાતિએ ધીમેથી મમ્મીના કાનમાં કહ્યું કે એને 'પિરિયડ' આવ્યો છે... 'આમ ધીમા અવાજમાં જ કહેવાનું' એવું મમ્મી બોલી હતી, આજથી છ આઠ મહિના પહેલા જયારે સ્વાતિને પ્રથમ વાર 'માસિક' આવ્યું હતું! એને આ બાબતની ચાર શિખામણ પણ આપી હતી અને આ બાબતની ગુપ્તતા રાખવી એવુંય સમજાવી દીધું હતું...

'અહીં રસોડામાં કેમ ફરે છે? અને મને અડી શું કામ? જા તારા રુમમાં, આપણાં ઘરે માતાજી પધાર્યા છે. બ્રાહ્મણ પૂજા કરવાં આવ્યા છે.' સ્વાતિને રડવું આવી ગયું. ભગવાનનાં રુમમાં જવું નહીં, મંદિરને અડવું નહીં. એવું એ પેલી ચાર શિખામણમાં આવતું હતું... સાંજે બહેનપણી આવવાની હતી. ગરબામાં જવાનું હતું, બધાં પર ઠંડુ પાણી રેડાઈ ગયું... બેસો હવે ઘરમાં!

નવરાત્રીના સમયમાં કોઈ ને કોઈ દીકરી કે સ્ત્રીએ આવો પ્રસંગ અનુભવ્યો જ હશે. આના વિશે ગુસ્સો, ચિડ, નિરાશા, આક્રોશ આવું બધું નક્કી થયું જ હશે! આજે ય 'માસિક' અને ભગવાનનો સંબંધ થોડો ઘણો પણ શ્રદ્ધાની વાતે આવીને અટકી જાય છે. સ્કૂલ-કૉલેજમાં કંઈ અલગ ભણીએ છીએ અને વર્તન એના વિરુદ્ધ કરીએ છીએ, મનમાં આ 'માસિક' પ્રત્યે દરેક છોકરીને વંટોળ ઉઠતાં હોય છે... મન તો માનતું નથી આ બધું કરવા માટે પણ 'રઘુકુલ રીત સદા ચલી આઈ...' ની જેમ સહન કર્યે જ છૂટકો!

વાર તહેવારે 'માસિક' ન આવે એ માટે પ્રાર્થના કરવાની અથવા પરિસ્થિતિ પ્રમાણે ગોળીઓ ગળી લેવાની... નવરાત્રી-દિવાળી, વાસ્તુ, લગ્ન વગેરે પ્રસંગ સાચવવા 'માસિક'ને ધક્કો મારવા અનેક સ્ત્રીઓ ગોળીઓ ગળતી હોય છે. છોકરી 'માસિક' માં આવતી થાય એ પછી મંદિરમાં જવાનું નહીં' એ વાત એટલી બધી વાત હેમરીંગ થાય છે, કે પછી એ છોકરી ગમે તેટલી બોલ્ડ એન્ડ બ્યુટીફુલ હોય તોય એના પગ મંદિરના પગથિયાં ચઢતાં અટકી જાય છે...

'માસિકને અને ભગવાનને શો સંબંધ?' આવો સ્વાભાવિક પ્રશ્ન એમના મનમાં અનેકવાર ઉઠતો હોય છે. પણ ચીડિયાપણું કર્યા સિવાય તેઓ કંઈ જ કરી શકતા નથી. નવરાત્રી-ગણપતિમાં એ જો આવી જાય તો એની ઈફેક્ટ તરત જ ઘરનાં વાતાવરણમાં આવેલી નજરે ચઢી જાય છે.

એન્જીનીયરીંગમાં ભણતી અવનીના ઘરે દશામાનું વ્રત છેક નાનપણથી થતું જોતી આવી છે પણ એ 'માસિક' માં આવી ત્યારથી ભગવાનને અડવું નહીં અથવા દશામાંના વ્રતમાં કોઈ કામને હાથ લગાડવો નહીં. એવી બધી વાતનો એને ખૂબ ગુસ્સો આવે છે.

'આ પિરિયડને જો સકારાત્મકતાથી જોવામાં આવે તો એમાં અપવિત્ર જેવું કશું જ નથી, આજે આ વાતને કારણે જ તો સંતાન અને સંસાર છે. ચાલો, વ્રતના દિવસો માતાજીને નહીં અડીએ પણ આડે દિવસે મંદિરમાંય ન જવાય? જે દેવીની આપણે પૂજા કરીએ છીએ એ પણ સ્ત્રી જ છે ને? એને 'માસિક' નહીં આવતું હોય? શું એનું મંદિર ચાર દિવસ બંધ રહે છે? એ માતાને કયારેય વ્રત કે પૂનમ નહી નડી હોય? એ કાંઈ ગોળીઓ ગળવા જાય છે?' અવની એનો ઊભરો માતા પાસે ઠાલવે છે!

ઊઠવું છે આભમાં, હવે ગાવું છે તાનમાં,
મેઘધનુષી રંગો ફરી, રેલાયાં છે મનમાં.
આભડછેટ માં શું કામ ઢસડી જાવ છો?
ઘર છે આ મારું, રહેવું છે સન્માનમાં!

સમાજશાસ્ત્ર વિષય સાથે છેલ્લા વર્ષમાં ભણતી રૂચાની વ્યથા અલગ છે. 'નવરાત્રીમાં માસિક આવવાનું આ મારું સતત ત્રીજું વર્ષ છે. આરતી લેવા દેવાય, પ્રસાદ પણ ખવાય, પણ માથે ગરબો મુકી ગરબા ન લેવાય. ખરેખર ગુસ્સો આવે છે. આ કરાય અને એ ન કરાય? મેં ઘરનાને બહુ વખત સમજાવવાનો પ્રયત્નો કર્યો, પણ એ એમની માનસિકતા બદલવા તૈયાર જ નથી.'

'ઘરમાં કોઈ શુભ પ્રસંગ છે, પૂજા છે, તૈયારી કરાવવાની, મજૂરીના કામ કપડાં-વાસણ-કચરા-પોતા-સાફસફાઈ બધું જ કરવાનું પણ માસિક છે એટલે પૂજાના કામને હાથ નહીં અડાડવાનો. આ ભેદભાવથી મગજ ફરી જાય છે.' અમૃતા એની બહેનપણીને આવું કહેતું હોય છે... અમૃતાએ તો પોતાના ઘરમાં અલગ મંદિરને ભગવાન બેસાડી દીધા છે અને એમાં કોઈ ભેદભાવ નથી, ન નાત-જાતનો ન માસિક નો...' જેને જયારે અડવું હોય અડી શકે છે! મેડિકલમાં ભણતી મુગ્ધાને એ બાબતમાં ઘરમાં રાહત છે. એની મમ્મી ન્યુટ્રલ તો પપ્પા લિબર્રલ છે. ઘરમાં કોઈ આ બાબતની રોકટોક નથી. પણ, એ દિવસોમાં મુગ્ધાને પોતાને જ ભગવાન પાસે જવાની ઈચ્છા થતી નથી, એનું મન માનતું નથી...

'મારી ભગવાન પર અતૂટ શ્રદ્ધા છે, મૂર્તિ પાસ જવું ન જવું, મૂર્તિને હાથ લગાડવો ન લગાડવો, પૂજા કરવી ન કરવી આ બધી વાતોથી કોઈ ફરક પડતો નથી. કોઈ ભગવાન તમે માસિક હોય ત્યારે પૂજા ન કરશો એવું કહેતો નથી. પણ એ સાથે જ મનમાં કોઈ શંકા રાખી બળજબરીથી પૂજા કરો એવું ય કહેતાં નથી. આ તો છેવટે જેની જેવી શ્રધ્ધાનો, પોતાનો નિર્ણય છે.' મુગ્ધા પ્રેક્ટીકલ વાત કરે છે...

'હું તો આ માસિકની વાતમાં માનતી નથી, પણ જો